# Prime Minister delivers inaugural address at VAIBHAV 2020 Summit

October 02, 2020

## વૈભવ (VAIBHAV) 2020 શિખર સંમેલનનાં શુભારંભ પર વડાપ્રધાન સંબોધન કરે છે

ઓક્ટેબર 02, 2020

**આ શિખર સંમેલનમાં 3000 કરતા વધારે ભારતીય મૂળનાં શિક્ષણવિદો અને વૈજ્ઞાનિકો અને 10,000 કરતા વધારે ભારતીય વૈજ્ઞાનિકો ભાગ લઈ રહ્યા છે**
**વધુ યુવાઓએ વિજ્ઞાનમાં રસ વિકસાવવો જોઈએ: વડાપ્રધાન**
**ભારતમાં અગ્રીમ અવકાશ સુધારાઓ ઉદ્યોગ અને શિક્ષણ માટે તકોનું નિર્માણ કરશે: વડાપ્રધાન**
**ભારત 2025 સુધીમાં દેશમાંથી ટ્યુબરક્યુલોસિસ નાબૂદ કરવાનો ધ્યેય રાખે છે: વડાપ્રધાન**

આજે વિદેશી અને નિવાસી ભારતીય સંશોધકો અને શિક્ષણવિદોનાં એક વૈશ્વિક વર્ચ્યુઅલ શિખર સંમેલન એવા વૈશ્વિક ભારતીય વૈજ્ઞાનિક (VAIBHAV) શિખર સંમેલનનું ઉદ્ઘાટન કરતી વખતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "વધારે યુવાઓ વિજ્ઞાનમાં રસ વિકસાવે તે બાબત સુનિશ્ચિત કરવી આજનાં સમયની જરૂરીયાત છે. તે માટે આપણે ઈતિહાસનાં વિજ્ઞાન અને વિજ્ઞાનનાં ઈતિહાસ સાથે સારી રીતે પરિચિત થવાની અનિવાર્યતા છે."

તેણે કહ્યું હતું કે, "વૈભવ (VAIBHAV) શિખર સંમેલન 2020 ભારત અને વિશ્વમાંથી આવતા વિજ્ઞાન અને નવીનીકરણની ઉજવણી કરે છે. હું તેને મહાન મસ્તિષ્કોનાં ખરા સંગમ કે કોન્ફ્લુઅન્સ તરીકે સંબોધવા માંગીશ, આ સંમેલન દ્વારા ભારત અને આપણા ગ્રહને સશક્ત બનાવવા માટે આપણા દીર્ઘકાલીન જોડાણની રચના કરવા આપણે બેઠા છીએ."

શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, વૈજ્ઞાનિક સંશોધનને વેગ આપવા માટે ભારત દ્વારા અસંખ્ય પગલાઓ લેવામાં આવ્યા છે કારણ કે સામાજીક-આર્થિક બદલાવ તરફનાં તેનાં પ્રયાસોમાં વિજ્ઞાન કેન્દ્ર બિંદુએ છે.

વડાપ્રધાને રસીઓ વિકસાવવા તરફનાં અને રસીકરણ કાર્યક્રમો કાર્યરત કરવાનાં ભારતનાં ભરપૂર પ્રયાસોનો સંદર્ભ લીધો હતો.

તેણે કહ્યું હતું કે, રસી નિર્માણમાં લાંબો વિરામ તૂટ્યો છે. 2014 માં ચાર નવી રસીઓને અમારા રસીકરણ કાર્યક્રમમાં રજૂ કરવામાં આવી હતી. આમાં સ્થાનિક રીતે વિકસાવેલી રોટા રસીનો સમાવેશ થાય છે.

તેણે 2025 સુધીમાં ભારતમાં ટ્યુબરક્યુલોસિસ નાબૂદ કરવાનાં મહત્વાકાંક્ષી અભિયાન વિશે જાણકારી આપી હતી જે વૈશ્વિક લક્ષ્યાંક કરતા પાંચ વર્ષ વહેલા છે.

શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રિય શિક્ષણ નીતિ 2020 નો સંદર્ભ લીધો હતો જેને ત્રણ દાયકાઓ બાદ અને રાષ્ટ્ર-વ્યાપી વિગતવાર પરામર્શો અને વિચારણાઓ બાદ લાવવામાં આવી હતી. આ નીતિ વિજ્ઞાન તરફ જિજ્ઞાસામાં વેગ

આપવાનો ધ્યેય રાખે છે અને વૈજ્ઞાનિક સંશોધનને ખૂબ જ જરૂરી વેગ પ્રદાન કરે છે. તે યુવા પ્રતિભાઓનું સિંચન કરવા માટે ખુલ્લા અને બહોળા પાયાનું વાતાવરણ પ્રદાન કરે છે.

વડાપ્રધાને ભારતમાં અગ્રીમ અવકાશ સુધારાઓ વિશે વાત કરી હતી જે ઉદ્યોગ અને શિક્ષણ માટે તકોનું નિર્માણ કરશે.

લેઝર ઈન્ટરફેરોમીટર ગ્રેવિટેશનલ-વેવ ઓબ્ઝર્વેટરી, CERN અને ઈન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રીએક્ટર (ITER) માં ભારતની ભાગીદારી વિશે વાત કરતા, તેણે વૈશ્વિક સ્તર પર વૈજ્ઞાનિક સંશોધન અને વિકાસનાં પ્રયાસોની અગત્યતા પર પ્રકાશ પાડ્યો હતો.

તેણે સુપરકમ્પ્યૂટિંગ અને સાઈબર ભૌતિક તંત્રો પરનાં ભારતનાં મોટા અભિયાનોને પણ સંદર્ભિત કર્યા હતા. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટિક્સ અને મોટા પાયે ડેટાનાં વિશ્લેષણનાં ક્ષેત્રોમાં મૂળભૂત સંશોધન અને ઉપયોગિતાઓ વિશે વાત કરતા, તેણે કહ્યું હતું કે આ ભારતમાં સ્ટાર્ટઅપ સેક્ટરો અને મેન્યુફેક્ચરિંગને વેગ આપશે.

તેણે ભારતમાં અગાઉ લોન્ચ કરવામાં આવેલા 25 ઈનોવેટિવ ટેકનોલોજીકલ હબ વિશે અને તેઓ કેવી રીતે સ્ટાર્ટઅપ ઈકોસીસ્ટમને કેવી રીતે વધુ વેગ આપશે તેનાં વિશે માહિતી આપી હતી.

તેણે કહ્યું હતું કે, ભારત તેનાં ખેડૂતોને મદદ કરવા માટે ટોચની ગુણવત્તાનું સંશોધન ઈચ્છે છે. તેણે કઠોળ અને ધાન્યોનું ઉત્પાદન વધારવા બદલ ભારતીય વૈજ્ઞાનિકોની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાને કહ્યું હતું કે જ્યારે ભારત પ્રગતિ કરે છે ત્યારે સમગ્ર વિશ્વ પ્રગતિ કરે છે.

વડાપ્રધાને કહ્યું હતું કે વૈભવ (VAIBHAV) જોડાવાની અને યોગદાન આપવાની શ્રેષ્ઠ તક પ્રદાન કરે છે; જ્યારે ભારત સમૃદ્ધ બને છે, ત્યારે વિશ્વ પણ આગળ વધે છે. વૈભવ (VAIBHAV) ને મહાન મસ્તિષ્કોનો સંગમ ગણાવતા, તેણે કહ્યું હતું કે આ પ્રયાસો સમૃદ્ધિનું નિર્માણ કરવા માટે આધુનિકતા સાથે પરંપરાઓનો સંગમ કરીને આદર્શ સંશોધનની ઈકોસીસ્ટમનું નિર્માણ કરવામાં મદદ કરશે. આ આદાન-પ્રદાનો ચોક્કસ રીતે ઉપયોગી બનશે અને કેળવણી અને સંશોધનમાં ઉપયોગી જોડાણો તરફ પણ દોરી જશે. વૈજ્ઞાનિકો અને સંશોધકોનાં આ પ્રયાસો આદર્શ સંશોધન ઈકોસીસ્ટમનું નિર્માણ કરવામાં મદદ કરશે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે વિદેશોમાં વસતા ભારતીયો વિશ્વ સ્તર પર ભારતનાં અદ્ભૂત રાજદૂતો છે. આ શિખર સંમેલને આવનારી પેઢીઓ માટે સુરક્ષિત અને સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ કરવાનાં સપનાને સાકાર કરવા તરફ અગ્ર દ્રષ્ટિ રાખવી જોઈએ ભારત અમારા ખેડૂતોને મદદ કરવા ટોચની કક્ષાનું વૈજ્ઞાનિક સંશોધન ઈચ્છે છે. આ શિખર સંમેલન શિક્ષણ અને સંશોધનમાં ઉપયોગી જોડાણો તરફ દોરી જશે. વિદેશમાં વસતા ભારતીયોનાં પ્રયાસો આદર્શ સંશોધન ઈકોસીસ્ટમનું નિર્માણ કરવામાં મદદ કરશે.

વૈભવ (VAIBHAV) શિખર સંમેલનમાં, 55 દેશોમાંથી 3000 કરતા વધારે ભારતીય મૂળનાં અને આશરે 10,000 ભારતનાં શિક્ષણવિદો અને વૈજ્ઞાનિકો ભાગ લઈ રહ્યા છે અને તે ભારત સરકારનાં મુખ્ય વૈજ્ઞાનિક

સલાહકારની આગેવાનીમાં 200 ભારતીય શૈક્ષણિક સંસ્થાનો અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગો દ્વારા યોજવામાં આવી રહ્યું છે. 40 દેશોમાંથી આશરે 700 પેનલિસ્ટો અને અગ્રણી ભારતીય શિક્ષણ સંસ્થાનોમાંથી અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગોમાંથી 629 નિવાસી પેનલિસ્ટો 213 સત્રોમાં 80 પેટા-વિષયો સાથે 18 ભિન્ન વિષયો પર મનોમંથન કરશે.

આ મનોમંથનો 3 ઓક્ટોબરથી 25 ઓક્ટોબર 2020 સુધી યોજવામાં આવશે અને પરિણામોનું એકીકરણ 28 ઓક્ટોબરનાં રોજ કરવામાં આવશે. આ શિખર સંમેલનનું સમાપન સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી પર એટલે કે 31 ઓક્ટોબર 2020 નાં રોજ થશે. આ પહેલ વેબિનારો અને વિડીયો કોન્ફરન્સોની એક મહિનો ચાલનારી શૃંખલામાં વિદેશી નિષ્ણાતો અને ભારતીય સમકક્ષો વચ્ચે બહુવિધ સ્તરોનાં આદાન-પ્રદાનોનો સમાવેશ કરે છે.

આ શિખર સંમેલન દરમિયાન ચર્ચા કરવામાં આવશે તેવા બૃહદ વિજ્ઞાન અને ટેકનોલોજીનાં ક્ષેત્રોમાં કમ્પ્યૂટેશનલ વિજ્ઞાનો, ઈલેક્ટ્રોનિક્સ અને કમ્યૂનિકેશન, ક્વોન્ટમ ટેકનોલોજીઓ, ફોટોનિક્સ, એરોસ્પેસ ટેકનોલોજીઓ, તબીબી વિજ્ઞાનો, બાયોટેકનોલોજી, કૃષિ, મટીરિયલ અને પ્રોસેસિંગ ટેકનોલોજીઓ, એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, અર્થ સાયન્સ, ઊર્જા, પર્યાવરણ વિજ્ઞાનો અને મેનેજમેન્ટનો સમાવેશ કરે છે.

આ શિખર સંમેલનનો ધ્યેય વૈશ્વિક વિકાસ માટે ઉદ્ભવી રહેલા પડકારોને સંબોધવા માટે વૈશ્વિક ભારતીય સંશોધકોની નિપુણતા અને જ્ઞાનનો ઉપયોગ કરીને વ્યાપક રોડમેપ બનાવવાનો છે. આ શિખર સંમેલન ભારત અને વિદેશમાં શિક્ષણવિદો અને વૈજ્ઞાનિકો સાથેનાં જોડાણ અને સહકારનાં સાધનોને પ્રતિબિંબિત કરશે. તેનો ધ્યેય વૈશ્વિક પહોંચ મારફત દેશમાં જ્ઞાન અને નવીનીકરણની ઈકોસીસ્ટમનું નિર્માણ કરવાનો છે.

મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર પ્રોફેસર કે વિજયરાઘવન અને કમ્પ્યૂટિંગ અને કમ્યૂનિકેશન, સોનો-કેમિસ્ટ્રી, હાઈ એનર્જી ફીઝિક્સ, મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજી, મેનેજમેન્ટ, જીઓ-સાયન્સ, આબોહવાનો ફેરફાર, માઈક્રોબાયોલોજી, આઈટી સુરક્ષા, નેનો-મટીરિયલ્સ, સ્માર્ટ વિલેજીસ, અને મેથેમેટિક્સ સાયન્સીસ જેવા વિભિન્ન વિધેયોમાં કાર્ય કરતા યુએસએ, જાપાન, ઓસ્ટ્રેલિયા, યુકે, ફ્રાન્સ, સિંગાપોર, કોરીયા ગણરાજ્ય, બ્રાઝિલ અને સ્વિત્ઝર્લેન્ડ જેવા. વિભિન્ન દેશોમાંથી 16 વિદેશી પેનલિસ્ટોએ પ્રારંભિક સત્ર દરમિયાન વડાપ્રધાન સાથે સંવાદ કર્યો હતો.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 02, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.